## ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં નમાજીઓ પર હુમલાના કેસમાં વધુ ત્રણની ધરપકડ

**પોલીસે** સ્પેશિયલ ટીમ બનાવી અત્યાર સુધીમાં કુલ પાંચ યુવકની ધરપકડ કરી



અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં નમાજ પઢવાના મામલે વિદ્યાર્થીઓ વચ્ચે થયેલી મારામારીની ઘટના બાદ ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલની બહાર જડબેસલાક પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. આ સમગ્ર ઘટનામાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને વધુ ત્રણ યુવકોની ધરપકડ કરી છે આમ આ ઘટનામાં અત્યાર સુધી કુલ પાંચ યુવકની ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ કરાયેલા યુવકોમાં હિતેશ મેવાડા (રહે. સોલા- અમદાવાદ), ક્ષિતિજ પાંડે (રહે. શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ), સાહિલ દુધાતિયા( રહે. સુભાષ ચોક, મેમનગર, અમદાવાદ), જીતેન્દ્ર પટેલ (રહે. ઘાટલોડિયા, અમદાવાદ) અને ભરત પટેલ (રહે. વસ્ત્રાલ, અમદાવાદ)નો સમાવેશ થાય છે.

શનિવારે રાત્રે ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં નમાજ અદા કરવાના મામલે મામલો બિચક્યો હતો. જેમાં કેટલાક લોકોના ટોળાએ લાકડીઓ અને છરી વડે નમાજ અદા કરી રહેલા વિદેશી વિદ્યાર્થીઓ પર હુમલો કરી તેમના રૂમમાં તોડફોડ પણ કરી હતી. આ ઘટના અંગે અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ. મલિકે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી આ મામલે 20 થી 25 લોકો સામે ગુનો નોંધી પાંચ લોકોની ધરપકડ કરી છે.

ગુજરાત યુનિવર્સિટીમાં 300 જેટલા વિદેશી વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ગુજરાત યુનિવર્સિટીમાં બનેલી ઘટના અંગે પોલીસે એક અલગ ટીમ બનાવી છે જે આ સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વકની તપાસ કરશે.

ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં શનિવારે રાત્રે 10:30 વાગ્યે કેટલાક વિદ્યાર્થીઓ રમઝાન હોવાથી નમાજ અદા કરી રહ્યા હતા, ત્યારે 20 થી 25 લોકોનું ટોળું હાથમાં લાકડીઓ અને છરી સાથે ધસી આવ્યું હતું અને હોસ્ટેલમાં નમાજ પઢવાની મંજૂરી કોણે આપી છે. તેમ કહેતા બંને પક્ષે બોલાચાલી ચાલુ થતાં મામલો બિચક્યો હતો. જેમાં 20 થી 25 લોકોના ટોળાએ નમાજ અદા કરી રહેલા વિદ્યાર્થીઓ પર હુમલો કરી તેમના રૂમમાં લેપટોપ, મોબાઈલ ફોન, સહિત અન્ય વસ્તુઓની તોડફોડ કરી હતી. તેમજ આ તોફાની ટોળાએ બાઈકને પણ નુકસાન કર્યું હતું.

## દિલ્હી દરબારમાં ભાજપના 4 અને કોંગ્રેસના 17 ઉમેદવારો માટે ચાલી રહેલું મંથન

**સીએમ** ભૂપેન્દ્ર પટેલ, સીઆર. પાટીલ તથા રત્નાકર દિલ્હી પહોંચ્યા, મોડી રાત્રે અથવા આવતીકાલે યાદી જાહેર થશેઃ સાંબરકાંઠા બેઠક પર બદલાવની શક્યતા

ગાંધીનગરઃ લોકસભાની ચૂંટણીની જાહેરાત બાદ હવે ભાજપ તથા કોંગ્રેસના દિલ્હી દરબારમાં ગુજરાતમાં પોતાના બાકી રહેલા ઉમેદવારોની પસંદગી માટે આખરી કવાયત અને મંથન ચાલી રહ્યું છે. ખાસ કરીને સીએમ ભૂપેન્દ્ર પટેલ તથા પ્રદેશ ભાજપાના અધ્યક્ષ સીઆર. પાટીલ તથા પ્રદેશ ભાજપના સંગઠન મહામંત્રી રત્નાકર પણ દિલ્હી પહોંચ્યા છે. પીએમ નરેન્દ્ર મોદી , ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડા, કેન્દ્રિય ગૃહ મંત્રી અમીત શાહના અધ્યક્ષ સાથે ભાજપના કેન્દ્રિય પાલમિન્ટરી બોર્ડની મહત્વની બેઠક આજે રાત્રે યોજાનાર છે. જેમાં ગુજરાતની ભાજપની ચાર બાકી રહેલી બેઠકોના ઉમેદવારોની પસંદગીની પ્રક્રિયા હાથ ધરાશે.

આ ચાર બેઠકોમાં મહેસાણા, અમરેલી, જુનાગઢ તથા સુરેન્દ્રનગર બેઠકનો સમાવેશ થાય છે. જોકે સાબરકાંઠા બેઠક પર ભીખાજી ઠાકોરને ટિકિટ અપાઈ છે, તેમાં બદલાવ આવી શકે છે.

ભાજપમાં હજુ 4 નામ તો,કોંગ્રેસમાં 19 ઉમેદવાર જાહેર કરવાના બાકી છે. જે બેઠક પર નામ જાહેર થવાના બાકી છે તેનું લિસ્ટ ગમે ત્યારે આવી શકે છે.

મહેસાણા અને સુરેન્દ્રનગરમાં ભાજપ મહિલા ઉમેદવારની પંસદગી કરી શકે છે. હવે હાલ જે નામ સૌથી વધુ ચર્ચામાં છે તેની વાત કરીએ તો, મહેસાણામાં તૃષા પટેલ, અમરેલીમાં ભાવના ગોંડલિયા, સુરેન્દ્રનગરમાં કારડિયા રાજપૂત કે કોળી સમાજના ઉમેદવારની પસંદગીની સંભાવના છે. જૂનાગઢમાં રાજેશ ચુડાસમાનું નામ હાલ અંતિમ રેસમાં ચાલી રહ્યું છે.

જોકે ભાજપ સરપ્રાઈઝ આપવા માટે જાણીતું છે. તેથી જુનાગઢ બેઠક પર નવા ચહેરાને પણ સ્થાન મળી શકે છે. જ્યારે કોંગ્રેસ દ્વારા સાબરકાંઠા, પાટણ, મહેસાણા, ગાંધીનગર, જૂનાગઢ, છોટા ઉદેપુર, પંચમહાલ, અમરેલી, સુરત , દાહોદ અને નવસારી બેઠક માટે ઉમેદવારની પસંદગી કરવા કવાયત ચાલી રહી છે.

### કોંગ્રેસે અત્યાર સુધી 7 નામ જાહેર કર્યા છે

પોરબંદરથી લલિત વસોયા, બનાસકાંઠાથી ગેનીબહેન ઠાકોર, વલસાડથી અનંત પટેલ, બારડોલીથી સિદ્ધાર્થ ચૌધરી, અમદાવાદ પૂર્વથી રોહન ગુપ્તા, અમદાવાદ પશ્ચિમથી ભરત મકવાણા અને કચ્છથી નીતિશ લાલનના નામનો સમાવેશ થાય છે. તો ભરૂચ અને ભાવનગરમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ ગઠબંધન કરીને આપના ચૈતર વસાવાને ભરૂચથી જ્યારે ભાવનગરથી આપના ઉમેશ મકવાણા મેદાનમાં ઉતર્યા છે.

## ગુજરાત યુનિવર્સિટીમાં મારામારીના કેસમાં સુઓમોટો અરજી દાખલ કરવા હાઇકોર્ટનો ઇનકાર

**આ** ઘટના પોલીસ તપાસનો વિષય છેઃ હાઈકોર્ટ



અમદાવાદઃ ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલમાં થયેલી મારામારીના મુદ્દે હાઇકોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી કે, આ સમગ્ર મામલાને ગુજરાત હાઇકોર્ટ દ્વારા ધ્યાને લઈ નિર્દેશ આપવામાં આવે. બીજી તરફ ગુજરાત હાઇકોર્ટે આ મામલે નોંધ્યું હતું કે, શહેરમાં બનતી તમામ ઘટનાઓ જાહેર હિતના મુદ્દાની જેમ સુઓમોટો ગણી શકાય નહીં. આ ઘટના પોલીસ તપાસનો વિષય છે.

ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં થયેલી મારામારીના મુદ્દે ગુજરાત હાઇકોર્ટ દ્વારા ખાસ નિર્દેશ આપવામાં આવે તેવી રજૂઆત કરાઈ હતી. જો કે હાઇકોર્ટે વધુમાં નોધ્યું હતું કે, જે ફરિયાદ, કે રજૂઆત, કે પછી પુરાવા હોય તે તમામ બાબતો અંગે પોલીસને જાણ કરવામાં આવે. જો પોલીસ યોગ્ય કામગીરી ન કરે તો અન્ય ન્યાયિક વિકલ્પો ઉપલબ્ધ છે. આ મામલામાં પોલીસ યોગ્ય તપાસ કરશે તેવી હાઇકોર્ટે આશા વ્યક્ત કરી આ મામલાને સુઓમોટો અરજી ગણવાનો ઇનકાર કર્યો હતો.

## વિદેશી વિદ્યાર્થીઓ પર થયેલા હુમલામાં બહારના તત્વોની સંડોવણી નથી : પોલીસ

**વિદેશી** વિદ્યાર્થીઓની સુરક્ષા માટે પૂર્વ સૈનિકોને તૈનાત કરવાનો નિર્દેશ

**વિદ્યાર્થીઓને** નવી હોસ્ટેલમાં શિફ્ટ કરવાનો નિર્ણય લેવાયો

અમદાવાદ : ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં નમાજ અદા કરવાના મામલે વિદેશી વિદ્યાર્થીઓ ઉપર થયેલા હુમલાની ઘટના બાદ ગુજરાત યુનિવર્સિટીએ વિદેશી વિદ્યાર્થીઓની સુરક્ષામાં વધારો કર્યો છે. વિદેશી વિદ્યાર્થીઓની સુરક્ષા માટે પૂર્વ સૈન્ય કર્મચારીઓને તૈનાત કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. પોલીસના જણાવ્યા અનુસાર ગુજરાત યુનિવર્સિટી ખાતે બનેલી ઘટનામાં બહારના કોઈ તત્વોની સંડોવણી નથી. શનિવારે રાત્રે ગુજરાત યુનિવર્સિટીની હોસ્ટેલમાં બનેલી ઘટનાને કારણે સમગ્ર દેશમાં ચકચાર મચી ગઈ છે. વિદેશી વિદ્યાર્થીઓ ઉપર થયેલા હુમલા બાદ વિદેશી વિદ્યાર્થીઓને નવી હોસ્ટેલમાં શિફ્ટ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમજ વિદેશી વિદ્યાર્થીઓની સલાહકાર સમિતી બનાવવામાં આવી છે.

આ મામલે નાયબ પોલીસ કમિશનર તરુણ દુગ્ગલે ગુજરાતમિત્ર સાથેની વાતચીતમાં કહ્યું હતું કે, ગુજરાત યુનિવર્સિટીના બ્લોક નં.-એ માં બનેલી ઘટના વિદેશી અને સ્થાનિક વિદ્યાર્થીઓ વચ્ચે બનેલી ઘટના છે. આ ઘટનામાં હોસ્ટેલની બહારથી આવેલા કોઈ તત્વોની સંડોવણી નથી, તેવી હકીકત પ્રાથમિક તપાસમાં બહાર આવી છે. આ સમગ્ર મામલે પોલીસ દ્વારા ઊંડાણપૂર્વકની તપાસ કરવામાં આવી રહી છે, અત્યાર સુધીમાં શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા પાંચ યુવકની ધરપકડ કરી પૂછપરછ કરી વધુ તપાસ કરવામાં આવી રહી છે.

## ધોરણ 10ની પરીક્ષામાં ખેડામાં બેંચ નીચેથી સ્માર્ટ વોચ મળી, કોપી કેસ નોંધાયો

ગાંધીનગરઃ રાજ્યમાં હાલમાં ધોરણ 10 અને 12ની બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. આ પરીક્ષામાં રોજે રોજ ગેરરિતીના કિસ્સાઓ બહાર આવી રહ્યાં છે. આજે ધોરણ 10ની પરીક્ષાના પ્રથમ સેશનમાં ખેડા ખાતે પરીક્ષા ખંડમાં એક પરીક્ષાર્થીની બેંચ નીચેથી સ્માર્ટ વોચ મળી આવતા કોપી કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અમદાવાદ ગ્રામ્યમાં બે અને સાબરકાંઠા જિલ્લામાં એક એક કોપી કેસ નોંધાયો હતો. આ ઉપરાંત ધોરણ 12 સામાન્ય પ્રવાહના બીજા સેશનમાં અમદાવાદ શહેર અને પાટણ જિલ્લામાં એક એક કોપી કેસ નોંધાયો હતો. આમ આજના બંને સેશનની પરીક્ષામાં કુલ આઠ કોપી કેસ નોંધાયા હતા.

### સૌરાષ્ટ્રના કોસ્ટલ બેલ્ટ પર ગરમીથી પરેશાની વધશે

## અમરેલી-રાજકોટ અને નલિયામાં ગરમીનો પારો ઉચે ચડીને 38 ડિગ્રીએ પહોંચ્યો

**અમરેલીમાં** 38, ભાવનગરમાં 34, રાજકોટમાં 38, ભૂજમાં 37 ડિગ્રી તાપમાન નોંધાયું

ગાંધીનગરઃ રાજ્યમાં હવે આકરો ઉનાળો શરૂ થઈ ગયો છે. ખાસ કરીને સૌરાષ્ટ્રમા તેની અસર વધારે જોવા મળી રહી છે. હવામાનવિભાગના વૈજ્ઞાનિકોએ આપેલી ચૈતવણી મુજબ , સૌરાષ્ટ્રના કોસ્ટલ એરિયામાં ગરમીની અસરથી શરીરમાં બેચેની લાગશે. આ ઉપરાતં ગરમી વધવાની સંબાવના છે. આજે દિવસ દરમ્યાન રાજયમાં અમરેલી , રાજકોટ અને નલિયામાં ગરમી વધીને 38 ડિગ્રીએ જવાની સંભાવના છે.

અમદાવાદના એરપોર્ટ કેમ્પસમાં આવેલા હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોએ કહ્યું હતું કે, રાજયના અન્ય શહેરો પૈકી અમદાવાદમાં 36 ડિ.સે., ડીસામાં 37 ડિ.સે., ગાંધીનગરમાં 36 ડિ.સે., વલ્લભ વિદ્યાનગરમાં 36 ડિ.સે., વડોદરામાં 36 ડિ.સે., સુરતમાં 34 ડિ.સે., વલસાડમાં 33 ડિ.સે., ભૂજમાં 37 ડિ.સે ., નલિયામાં 38 ડિ.સે., કંડલા પોર્ટ પર 36 ડિ.સે., કંડલા એરપોર્ટ પર 37 ડિ.સે., અમરેલીમાં 38 ડિ.સે., ભાવનગરમાં 34 ડિ.સે ., રાજકોટમાં 38 ડિ.સે., સુરેન્દ્રનગરમાં 37 ડિ.સે., મહુવામાં 34 અને કેશોદમાં 37 ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાવવા પામ્યુ હતું. બીજી તરફ કચ્છના નલિયામાં અને મહુવામાં આજે 17 ડિગ્રી ઠંડી તાપમાન નોંધાયું હતું.

### સુડોકુ ૪૯૬૫ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૫ | | | | ૮ | | |
| | | | | ૭ | | | | ૬ |
| ૬ | ૨ | | ૪ | | ૩ | | | ૯ |
| | | | | | ૪ | | | |
| ૮ | ૪ | ૨ | | | ૫ | ૩ | | |
| | ૭ | | | | | ૪ | | |
| ૨ | | | ૩ | | | | ૮ | ૫ |
| | | ૩ | ૫ | | ૯ | | | ૨ |
| ૫ | | | | | | | ૪ | ૩ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

### દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

**ઉરઃક્ષત ફેફસાંમાં ચાંદુ**

કોવિડના ઉપદ્રવ પછી, ફેફસાની નબળાઈના કિસ્સા વધ્યા જણાય છે. ઉપરાંત રક્તપિત્ત અર્થાત્ શરીરમાં લોહીનું વહેવું - હિમરેજ માટે પૂજ્ય બાપાજી નો એક પ્રયોગ જુઓ. જેઠીમધ દશ ગ્રામ, મુનક્કા દ્રાક્ષ દશ ગ્રામ, ત્રિફળા પાંચ ગ્રામ, અરડૂસીના પાનનું ચૂર્ણ દશ ગ્રામ લઈ 500 મીલી પાણીમાં ધીમા તાપે ઉકાળવું. આશરે 100 મીલી પાણી બાકી રહે ત્યારે ગાળી પી જવું.

રોજ તાજો ઉકાળો કરી પીવો. આશરે છ અઠવાડિયા પ્રયોગ ચાલુ રાખવો.

### શબ્દગુંફન - ૬૬૧૭

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

૧. એક કાલ્પનિક મણિ (૪)
૪. જુસ્સો, બળ (૨)
૬. ઠંડુ, ટાઢું (૩)
૮. નમેલું (૨)
૯. અવાજ (૨)
૧૧. લેખ, દસ્તાવેજ (૨)
૧૨. વગાડવું તે (૩)
૧૩. હાજર હોવું તે (૩)
૧૪. નકામું, બાદ કરેલું (૨)
૧૫. એક મીઠી વાનગી (૨)
૧૬. પહેલવાન (૨)
૧૭. કર્તવ્ય (૩)
૧૯. એક કઠોળ (૨)
૨૦. છળ, પ્રપંચ (૩)
૨૨. એક દિવસની મજૂરી (૨)
૨૪. ઝાકળ (૪)
૨૭. ઉપકાર (૨)
૨૮. ધૂળના થરવાળી જમીન (૨)
30. ભપકો, રોફ (3)
3૨. દુર્બળ, સુકલકડી (૪)
33. નકામું (૨)
3૪. મસાલામાં વપરાતું સોડમવાળું એક બીયું (૨)
3૫. જોઇએ તેટલું ખર્ચ કરવું તે (૫)

**ઊભી ચાવી**

૧. રૂ કાંતીને કાઢેલો તાર (3)
૨. ઇચ્છિત, પ્રિય (૨)
3. વિજય (૨)
૫. ચિંતન કરવાના સ્વભાવવાળું (૪)
૬. શીતળ, ટાઢું, ઠંડું (૨)
૭. ફેંસલા માટેનું પંચ (3)
૧૦. પ્રેમની લાગણી (૪)
૧૧. ચોમાસુ પાક (3)
૧૪. જરાક, ધૂળ (૨)
૧૬. મુરાદ, ધારણા (૪)
૧૮. આંખની કીકી (3)
૧૯. પીડા, કંટાળો, ત્રાસ (૨)
૨૧. સ્થિર નજર (૨)
૨૩. આબરૂદાર (૫)
૨૫. ફાયદો, ફત્તેહ (૪)
૨૬. કેફ, અભિમાન (૨)
૨૯. એક વાઘ, ડાકલું (3)
3૧. માહિતગાર, જાણકાર (3)
33. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)

### આજનું પંચાંગ

**તા. 19/03/2024, મંગળવાર**

**વિક્રમ સંવત :** 2080 **શાકે :** 1945
**વીર સંવત :** 2550 **માસ :** ફાગણ
**તિથિઃ** સુદઃ દશમઃ 24:22,
**અયન :** ઉત્તરાયન **ઋતુ :** વસંત
**રાષ્ટ્રિય દિનાંક :** ફાગણ: 29
**નક્ષત્ર :** પુનર્વસુ : 20:10
**યોગઃ** શોભન **કરણ :** તૈતિલ
**રાશિ :** મિથુન (ક,છ,ઘ) 13:37 પછી કર્ક
**દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 06:45 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:48
**નવકારસી :** 07:33
**પારસી વર્ષ :** 1393, આવાં માસનો 07મો રોજ
**મુસલમાન વર્ષ :** 1445, રમજાન માસનો 08મો રોજ
**દિવસનાં ચોઘડિયાંઃ** રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ
**રાત્રિનાં ચોઘડિયાંઃ** કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ
**રાહુ કાળ :** બપોરે : 15:00 થી 16:30 સુધી

### આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ.લ.ઇ.):** પ્રવાસમાં મિલન-મુલાકાત થાય. નિડર અને સ્વતંત્ર બનશો, વિવાદ ટાળવો.

**વૃષભ (બ.વ.ઉ.):** કૌટુંબિક પ્રસંગમાં વ્યસ્ત રહેવાનું થાય, ખર્ચા વધશે. ઘરમાં અશાંતિ રહે.

**મિથુન (ક.છ.ઘ.):** સમાજમાં યશ મળે. નવા કામ માટે આયોજન થાય. અચાનક પ્રવાસ થાય.

**કર્ક (ડ.હ.):** પડવા-વાગવાથી સાવધાન રહેવું. વિદેશ પ્રવાસના કામમાં ગતિ આવે.

**સિંહ (મ.ટ.):** મિત્રો સાથે ગેરસમજ પેદા થાય. વિદ્યાર્થીઓને મદદ મળે.

**કન્યા (પ.ઠ.ણ.):** સ્ત્રી વર્ગને ઉપયોગી ચીજવસ્તુના વેપારમાં અચાનક આવક વધે.

**તુલા (ર.ત.):** જીવનસાથી અને વડીલોના સાથથી આવક માટેના નવા રસ્તા મળે.

**વૃશ્ચિક (ન.ય.):** અચાનક ઉઘરાણી આવે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં મદદ મળે.

**ધન (ભ.ધ.ફ.ઢ.):** સામાજિક પ્રવૃત્તિ થાય. રોજના કામમાં મદદ મળે. ઘરમાં તાલમેળ રહે.

**મકર (ખ.જ.):** લેવડ-દેવડમાં સાવધાન રહેવું. નિડરતા અને ઉગ્રતા કામમાં વિલંબ કરે.

**કુંભ (ગ.સ.શ.ષ.):** નવી શિક્ષણ નીતિનો લાભ વિદ્યાર્થીઓને મળે. નવાં રોકાણ થાય.

**મીન (દ.ચ.ઝ.થ.):** ઘરનાં કામનો બોજ વધશે. વડીલોના પ્રશ્નો અને ખર્ચા વધે.

### કોઇ પણ સાલમાં 19 માર્ચે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી-ધંધામાં અનુકૂળતા સાથે ચડતીપડતી અને કાર્યબોજ રહે. નવી ટેકનોલોજી પ્રમાણે કામ કરવું પડે. નવા ધંધા-વ્યવસાયના આયોજનમાં સંઘર્ષ રહેશે. સમાજમાં સામાન્ય રહે. ઉંમરલાયકના વિવાહ થાય. આરોગ્ય બાબતે ખર્ચા વધશે. ઉઘરાણીની ચિંતા અને સંતાનોના ખર્ચા સતાવે. વારસાના કામમાં વિઘ્નો આવે. વિદેશનાં કામ ધીમાં પડશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિઘ્નો આવે. ઘર,વાહન,મકાન બાબતે વર્ષની શરૂઆતમાં અનુકૂળતા રહે. વર્ષના મધ્યમાં નવી આવકની યોજના પાર પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. યાત્રા-પ્રવાસ, ધર્મ-કર્મથી શાંતિ મળે. જુલાઇ-ઓગસ્ટમાં અચાનક લાભ થાય. નવેમ્બર-ડિસેમ્બરમાં ખર્ચા વધે.

## અમદાવાદમાં લૂંટ ચલાવતી ગેંગના મહાઠગ સાગરીતની આઠ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ

**એક** માસ પહેલા નવરંગપુરા વિસ્તારમાં આંગડિયા પેઢીના માણસ પાસેથી 50 લાખની લૂંટ કરી હતી. 15 મહિના પહેલા વસ્ત્રાપુર વિસ્તારમાં એક કારના કાચ તોડી 15 લાખ ભરેલી બેગ અને લેપટોપની ચોરી કરી હતી

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં જુદી જુદી પાંચ લૂંટની ઘટનાઓમાં સંડોવાયેલી ગેંગના નાસતા ફરતા આરોપી પવન જીવતરામ ગોરાણી (સિંધી) (ઉં.વ.33 રહે., દુધિયા ધરા, લીમખેડા, દાહોદ તથા હાલ રહે., કુબેરનગર)ની ધરપકડ કરી તેની પાસેથી આઠ લાખનો મુદ્દા માલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના પોલીસ ઈન્સ્પેક્ટર એમ.એલ. સાંલુકેની ટીમે નાસતા ફરતા આરોપી પવન જીવતરામ ગોરાણીની આઠ લાખના મુદ્દામાલ સાથે ધરપકડ કરી તેની પૂછપરછ હાથ ધરતા અત્યાર સુધીમાં તેણે પાંચ જેટલી લૂંટની ઘટનાઓને અંજામ આપ્યો હોવાનું બહાર આવ્યું હતું. પૂછપરછ દરમિયાન એવી હકીકત બહાર આવી હતી કે, તેણે એક માસ પહેલા નવરંગપુરા વિસ્તારમાં આંગડિયા પેઢીના માણસ પાસેથી 50 લાખની લૂંટ કરી હતી. 15 મહિના પહેલા વસ્ત્રાપુર વિસ્તારમાં એક કારના કાચ તોડી 15 લાખ ભરેલી બેગ અને લેપટોપની ચોરી કરી હતી.

આ ઉપરાંત સપ્ટેમ્બર 2021માં નવરંગપુરા સ્વસ્તિક ચાર રસ્તા પાસે પાંચ લાખ રૂપિયાની લૂંટ, ઓગસ્ટ 2021માં બાપુનગર ગુજરાત બોટલિંગ પાસે 13 લાખની લૂંટ, એકાદ વર્ષ પહેલા દાસ્તાન સર્કલ પાસે એક કારમાંથી ચાર લાખ રૂપિયાની લૂંટ તેના સાગરીતો સાથે કરી હોવાની કબુલાત કરી હતી. આ ઉપરાંત ક્રાઈમ બ્રાંચે અમદાવાદમાં 21 વર્ષથી બનાવટી દસ્તાવેજો સાથે છેતરપિંડી કરી નાસતી ફરતા વોન્ટેડ આરોપી કમલેશ શિવદાસ સેજપાલ રહે., નરોડા ગામની ધરપકડ કરી વધુ પૂછપરછ હાથ ધરી છે.

## સુરેન્દ્રનગરના ધાંગધ્રા માલવણ ધોરીમાર્ગ પર અકસ્માતમાં ત્રણનાં મોત

અમદાવાદઃ સુરેન્દ્રનગરના માલવણ-ધાંગધ્રા ધોરી માર્ગ ઉપર એક ટ્રકની પાછળ કાર ઘૂસી જતાં કારમાં બેઠેલા ત્રણ યુવકનાં મોત થયાં હતાં. સુરેન્દ્રનગરના ધાંગધ્રા-માલવણ રોડ ઉપર સીએનજી પેટ્રોલ પંપ પાસે એક ટ્રકની પાછળ પૂરઝડપે પસાર થઈ રહેલી કાર ઘૂસી જતાં જોરદાર અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં કારના ફૂરચેફૂરચા ઊડી ગયા હતા. કારમાં બેઠેલા બે યુવકનાં ઘટના સ્થળે જ મોત થયાં હતાં. જ્યારે અન્ય એક યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ થતાં અકસ્માતમાં ત્રણ યુવક મોતને ભેટ્યાં હતાં. આ અંગે પોલીસને જાણ થતાં પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવમાં જાવેદખાન, હસરતશા અને વાસીમખાન ગેડિયાનાં મોત થયાં હતાં.

### ગુજરાતના મામલે હવે ચૂંટણી પંચની દરમ્યાનગીરી શરૂ

## ચૂંટણી પંચના આદેશથી ઈન્ચાર્જ ગૃહ સેક્રેટરી પંકજ જોશીને હટાવી એકે રાકેશને મુકવામાં આવ્યા

**નવા** અધિક મુખ્ય સચિવ તરીકે એ કે રાકેશને ચાર્જ અપાયો

**ચૂંટણી** પંચની સૂચનાથી પાંચ આઈપીએસ દ્વાર પોતાના હાલના હોદ્દાનો ચાર્જ છોડાયો

ગાંધીનગરઃ લોકસભાની ચૂંટણીની જાહેરાતની સાથે જ ગુજરાતના મામલે હવે કેન્દ્રિય ચૂંટણી પંચે દરમ્યાનગીરી કરી છે, જેના પગલે પહેલા તો આજે દિવસ દરમ્યાન ગુજારતના અધિક મુખ્ય સચિવ (ગૃહ ) તરીકે વધારાનો ચાર્જ સંભાળતા સીએમ પંકજ જોશીને હટાવાયા છે. જોશી હાલમાં મુખ્યમંત્રી કાર્યાલયમાં અધિક મુખ્ય સચિવ તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે.

આજે સવારે કેન્દ્રિય ચૂંટણી પંચમાંથી આવેલી સૂચના મુજબ, ગુજરાત , ઉત્તર પ્રદેશ , બિહાર , ઝારખંડ , હિમાચલપ્રદેશ , ઉત્તરાખંડ સહિતના રાજ્યોમાંથી હાલના ગૃહ સચિવને હટાવવાનો આદેશ કરાયો હતો. તે પછી આજે બપોરે પછી કેન્દ્રિય ચૂંટણી પંચની સાથે સંકલન બાદ ગુજરાતમાં હવે નવા એસીએસ હોમ તરીકેનો ચાર્જ એ કે રાકેશને આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં એકજ સ્થાન પર ત્રણ વર્ષથી ફિલ્ડમાં ફરજ બજાવી રહેલા આઈપીએસ અધિકારીઓની બદલીઓ આવી રહી છે. જો કે તે હવે કેન્દ્રિય ચૂંટણી પંચની સીધી સૂચના મુજબ કરાશે. ખાસ કરીને સુરતના પોલીસ કમિશ્નર, સુરતના રેન્જ આઈજી, આણંદ, અમદાવાદ તથા મહેસાણા જિલ્લાના એસપીની નિયમિત નિમણૂંક પણ કરવામાં આવનાર છે. જો કે તે પહેલા ચૂંટણી પંચ રાજ્ય સરકારના ગૃહ વિભાગ પાસેથી ત્રણ - ત્રણ અધિકારીઓની પેનલ મંગાવશે, તેના પર પુખ્ત વિચારણા બાદ કેન્દ્રિય ચૂંટણી પંચ આ પોસ્ટ માટે અધિકારીઓની પસંદગી કરશે.

ચૂંટણી પંચના મૌખિક આદેશ બાદ અમદાવાદ રેન્જ, બોર્ડર રેન્જ અને અમદાવાદ શહેરના પાંચ આઈપીએસ અધિકારીઓએ પોતાનું સ્થાન કે ચાર્જ છોડી દીધો છે. તત્કાળ ચાર્જ છોડી દેનારા અધિકારીઓમાં બોર્ડર રેન્જ આઈજીપી જે. આર. મોથલિયા , અમદાવાદ રેન્જ આઈજીપી પ્રેમવીર સિંઘ, અમદાવાદ શહેરના સેક્ટર - 1ના અધિક પોલીસ કમિશનર ચિરાગ કોરડીયા, અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી ચૈતન્ય માંડલિક અને ઝોન-1ના ડીસીપી ડૉ. લવિના સિંહાનો સમાવેશ થાય છે. હજુ સુરત ક્રાઈમ બ્રાન્ચના અધિક પોલીસ કમિશ્નર શરદ સિંઘલ, સુરત સીટી ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી રૂપલ સોંલકી અને અમદાવાદના ડીસીપી ભારતી પંડયાની પણ બદલી આવી શકે છે.